## વીજળી ખરીદી કર્યા વગર ફિક્સ કોસ્ટ પેટે રકમ ચુકવવા બાબત

* 15/4/1676 : **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર** (દાણીલીમડા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ફિક્સ કોસ્ટ પેટે કેટલી વીજ કંપનીને સરકારે કેટલી રકમ ચુકવી, | (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સરકારે ફિક્સ કોસ્ટ પેટે ચુકવેલ રકમની વિગતો નીચે મુજબ છે: |

| કુલ કંપનીઓની સંખ્યા | રકમ (રૂ–કરોડમાં) | |
|---|---|---|
| | વર્ષ–૨૦૨૨ | વર્ષ–૨૦૨૩(પ્રોવિઝનલ) |
| ૧૫ | ૧૪,૦૫૮ | ૧૮,૨૯૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત ચુકવેલ રકમ પૈકી કેટલી રકમ વીજળી ખરીદી કર્યા વગર કઈ વીજ કંપનીને ચુકવી, અને | (૨) ઉક્ત ચૂકવેલ રકમ પૈકી વર્ષ ૨૦૨૨માં રાજ્ય સરકારના જાહેર સાહસ–ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસિટી કોર્પોરેશન લિ. (GSECL)ને તેના ગેસ આધારિત વીજ મથક માટે રૂ.૪૮૬ કરોડની રકમ ચુકવવામાં આવી. |
| (૩) વીજળી ખરીદી કર્યા વગર ફિક્સ કોસ્ટ પેટે રકમ ચુકવવાના કારણો શા છે? | (૩) વીજ કંપનીઓને કરવામાં આવતી ચૂકવણી નેશનલ ટેરીફ પોલીસી, વીજ નિયમન આયોગના નિર્દેશ અને વીજ ખરીદ કરારની જોગવાઈ મુજબ થર્મલ વીજ ઉત્પાદકોને વીજ ખરીદ કિંમત પેટે ફિક્સ કોસ્ટ ચુકવવામાં આવતી હોય છે.<br>ફિક્સ કોસ્ટ એટલે કે ઓપરેશન અને મેન્ટેનન્સ પેટે તથા વીજ માંગની જરૂરીયાતને પહોંચી વળવા માટે ત્વરીતે પ્લાન્ટ ઉપલબ્ધ રહે તે પેટે ચુકવવાની થતી કોસ્ટ. જયારે વીજ મથક વીજ ઉત્પાદન માટેની તેની ઉપલબ્ધતા (Availability) જાહેર (Declare) કરે ત્યારે તેમાંથી વીજ ઉત્પાદન મેળવવામાં આવે કે ના આવે, આ ઉપલબ્ધતા માટે તેને વીજ ખરીદીના કરારની શરતો મુજબ ફિક્સ કોસ્ટ ચૂકવવાપાત્ર બને છે.<br>વધુમાં જણાવવાનું કે, જયારે વીજ ઉત્પાદન માટે પ્લાન્ટ ઉપલબ્ધ ન થઈ શકે તેવા સંજોગોમાં કરારની શરતો મુજબ પેનલ્ટી પણ વસુલવામાં આવતી હોય છે. |

----------